# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/068 Dt. 26/07/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બરના જીએફઆરઆરસી દ્વારા ટેક્ષ્ટાઇલ વીકના ચોથા દિવસે ‘સુરતમાં ગારમેન્ટનું ભવિષ્ય’ વિષે સેમિનાર યોજાયો

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટરના ઉપક્રમે સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોને માર્ગદર્શન આપવાના હેતુથી આયોજિત ટેક્ષ્ટાઇલ વીકના ચોથા દિવસે ગુરૂવાર, તા. ૨૪ જુલાઇના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા સુરત ખાતે ‘સુરતમાં ગારમેન્ટનું ભવિષ્ય’ વિષે સેમિનાર યોજાયો હતો, જેમાં ગિન્ની ગૃપના ડિરેકટર શ્રી રમેશ લોહિયાએ મહેમાન તરીકે સ્થાન શોભાવી ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપ્યું હતું. જ્યારે વઝિર એડવાઇઝર્સના કો–ફાઉન્ડર એન્ડ જોઇન્ટ મેનેજિંગ ડિરેકટર શ્રી પ્રશાંત અગ્રવાલ અને ડિરેકટર ઓપરેશન્સ શ્રી સુરેન્દ્ર જૈને ઉદ્યોગ સાહસિકોએ સુરતમાં ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીના ભવિષ્ય વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ભારતમાં જ નહી પણ વિશ્વભરમાં બદલાતી માર્કેટ ડિમાન્ડ, નવો યુવા વર્ગ અને ડિજિટલ પ્લેટફોર્મ્સના વધતા ઉપયોગને ધ્યાનમાં રાખીને ગારમેન્ટ ઉદ્યોગ માટે વિશાળ સંભાવનાઓ ઊભી થઈ રહી છે. સુરત ગારમેન્ટ બનાવવાની દિશામાં આગળ વધવાની તાકાત ધરાવે છે, આથી તેમણે ઉદ્યોગકારોને સ્થાનિક સ્તરે વેલ્યુ એડિશન, બ્રાન્ડિંગ અને ઇનોવેશનમાં રોકાણ કરવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. તેમણે કહયું હતું કે, સુરત હવે માત્ર કાપડ નગરી નહીં, પરંતુ રેડીમેડ ગારમેન્ટના હબ તરીકે પણ આગળ વધી શકે છે.

ગિન્ની ગૃપના ડિરેકટર શ્રી રમેશ લોહિયાએ જણાવ્યું હતું કે, સુરતમાં ગારમેન્ટ ઇન્ડસ્ટ્રી માટે જબરજસ્ત સ્કોપ છે. કીડસ વેરમાં ઘણું કામ સુરતમાં થઇ રહયું છે પણ રેડીમેડ ગારમેન્ટીંગ જો બનવાનું શરૂ થઇ જાય તો સુરતની ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીને પીઠબળ મળી જશે. સુરતના યાર્ન, ફેબ્રિક આપોઆપ વેચાતા થઇ જશે. સુરતમાં યાર્નથી લઇને કાપડના ટ્રેડીંગ સુધીની આખી વેલ્યુ ચેઇન આપોઆપ ચાલશે. એના માટે સુરતના ઉદ્યોગકારોએ ગારમેન્ટને ડેવલપ કરવું જ પડશે. એક માત્ર ગારમેન્ટ ઇન્ડસ્ટ્રી ૧૦૦ રૂપિયાના ૧૦૦૦ રૂપિયા આપવાવાળી ઇન્ડસ્ટ્રી છે, આથી તેમણે યુવા ઉદ્યોગ સાહસિકોને ગારમેન્ટીંગ કરવાની સલાહ આપી હતી.

વઝિર એડવાઇઝર્સના શ્રી પ્રશાંત અગ્રવાલે જણાવ્યું હતું કે, વિશ્વમાં અત્યારે ૭૩ ટકા મેન મેઇડ ફેબ્રિકની ખપત થઇ રહી છે, જે આગામી ચારેક વર્ષમાં ૮૦ ટકા પર પહોંચી જશે. અત્યારે ભારતમાં કોટન બેઇઝ ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી છે પણ માર્કેટ પોલિએસ્ટરનું છે. સુરત પોલિએસ્ટરમાં કીંગ છે ત્યારે ઉદ્યોગકારોએ સુરતની આ તાકાતને ઓળખીને ગારમેન્ટ મેન્યુફેકચરીંગમાં આગળ વધવું જોઇએ અને એક્ષ્પોર્ટ કરવું જોઇએ. ભારતમાં વિદેશી રોકાણ વધી રહયું છે અને જોઇન્ટ વેન્ચર પણ થઇ રહયા છે ત્યારે સુરતના ઉદ્યોગ સાહસિકોએ રેડીમેડ ગારમેન્ટ બનાવી એક્ષ્પોર્ટ કરવાની દિશામાં વિચારવું જોઇએ.

તેમણે જણાવ્યું હતું કે, હાલ ભારતથી ૧૬ બિલિયન યુએસ ડોલરનું ગારમેન્ટ એક્ષ્પોર્ટ થઇ રહયું છે, જે વર્ષ ૨૦૩૦ સુધીમાં ૪૦ બિલિયન યુએસ ડોલર થવાની સંભાવના દેખાઇ રહી છે. એટલે કે ૨૪ બિલિયનનો વધારો થવાની સંભાવના છે, એમાંથી ૩ બિલિયન યુએસ ડોલરનું ગારમેન્ટનું એક્ષ્પોર્ટ તિરૂપુરથી વધશે ત્યારે સુરતના ઉદ્યોગ સાહસિકોએ પણ વિચારવું જોઇએ કે સુરતથી ગારમેન્ટ બનાવી ૩ બિલિયન યુએસ ડોલરનું ગારમેન્ટ એક્ષ્પોર્ટ કરવાનું છે કે પછી ૫ બિલિયન યુએસ ડોલરનું ગારમેન્ટ એક્ષ્પોર્ટ કરવાનું છે.

વઝિર એડવાઇઝર્સના શ્રી સુરેન્દ્ર જૈને જણાવ્યું હતું કે, ઉદ્યોગકારોએ પ્લાનિંગ સાથે ફેબ્રિકનું ઉત્પાદન કરવું પડશે. કવોલિટી હાય હશે તો ફેકટરીના કોસ્ટમાં ઘટાડો થઇ જશે. એના માટે તેમણે મિડલ મેનેજમેન્ટના મહત્વ વિષે માહિતી આપી હતી. તેમણે પ્લાનિંગ, ઓપરેશન રિ–એન્જીનિયરીંગ, સિસ્ટમ્સ એન્ડ પ્રોસેસિસ, સ્કીલ ડેવલપમેન્ટ, ઓટોમેશન એન્ડ ડિજિટલાઇઝેશન અને મેન્યુફેકચરીંગ એકસલન્સ માટેના રાઇટ એપ્રોચ વિષે ઉદ્યોગ સાહસિકોને વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી ગિરધર ગોપાલ મુંદડાએ કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, સુરતમાં કપડું બને છે પરંતુ રેડીમેડ ગારમેન્ટ દિલ્હી, બેંગ્લોર અને મુંબઇમાં બને છે. જો સુરતમાં જ કટિંગ, ફિનિશીંગ અને પેકીંગની આખી ચેઇન ડેવલપ થાય તો કાપડને બદલે સીધું રેડીમેડ ગારમેન્ટ એક્ષ્પોર્ટ કરી શકાશે અને એમાં ઉદ્યોગકારોએ ત્રણ ગણો લાભ થશે. તેમણે ઉદ્યોગ સાહસિકોએ ઇ–કોમર્સનું પ્રશિક્ષણ મેળવવાની, બ્રાન્ડ સુરત બનાવવાની અને ડિજિટલ માર્કેટીંગ શીખવાની સલાહ આપી હતી. તેમણે સુરતમાં કોમન ફેસિલિટી સેન્ટર અને એમએસએમઇ કલસ્ટરની જરૂરિયાત વિષે વિસ્તૃત માહિતી આપી ગારમેન્ટ એક્ષ્પોર્ટને લક્ષ્ય રાખવો જોઇએ તેમ વધુમાં જણાવ્યું હતું.

આ સેમિનારમાં પેનલ ડિસ્કશન પણ યોજાઇ હતી, જેમાં વિવિધ ઉદ્યોગ નિષ્ણાતો સુશ્રી સીમા બક્ષી, સુશ્રી સોનિયા ખન્ના, શ્રી રમણ દત્તા અને શ્રી મનિષ ચૌહાણ પેનલિસ્ટ તરીકે જોડાયા હતા અને તેઓએ ગારમેન્ટ ઇન્ડસ્ટ્રી માટેની ટેકનોલોજી, મશીનરી, ડિઝાઇનિંગ તેમજ એક્ષ્પોર્ટના મુદ્દાઓ પર પોતાના વિચારો વ્યકત કર્યા હતા. વઝિર એડવાઇઝર્સના શ્રી પ્રશાંત અગ્રવાલે પેનલ ડિસ્કશનમાં મોડરેટર તરીકેની ભૂમિકા ભજવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ચેમ્બરના પૂર્વ પ્રમુખો શ્રી ભરત ગાંધી, શ્રી પ્રફુલ શાહ અને શ્રી મહેન્દ્ર કાજીવાલા તથા લક્ષ્મીપતિ ગૃપના શ્રી રાકેશ સરાવગી અને ઉદ્યોગ સાહસિકો સેમિનારમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરની ફેશન ડિઝાઇનીંગ કમિટીના ચેરપર્સન ડો. બંદના ભટ્ટાચાર્યએ સેમિનારનું સંચાલન કર્યું હતું. મહેમાનો, વકતાશ્રીઓ અને પેનલિસ્ટોએ ઉદ્યોગ સાહસિકોની ગારમેન્ટ ઇન્ડસ્ટ્રી સંબંધિત વિવિધ મુંઝવણો દૂર કરી હતી અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયું હતું.